…લર સોસાયટીનાં પ્રમુખ

…. ગણેશ વાસુદેવ માવલંકરનું

કેશવ વિદ્યાગૃહના ઉદ્ઘાટન સમયે કરેલું

નિવેદન

તા. ૩-૨-૧૯૪૫

નેકનામદાર બાબાસાહેબ, સજ્જનો અને સન્નારીઓ

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના શ્રી. કેશવ વિદ્યાગૃહના આ ઉદ્ઘાટન પ્રસંગે આપ સૌને આવકાર આપતાં મને ઘણો આનંદ થાય છે. નામદાર બાબાસાહેબને હું એ વિભાગનું ઉદ્ઘાટન કરવા વિનંતી કરૂં તે પ્હેલાં ગુ. વ. સો. નાં ઇતિહાસ, વર્તમાન સ્થિતિ અને ભાવિની આકાંક્ષાઓ સંક્ષેપમાં રજૂ કરૂં તો તે અસ્થાને નહિ ગણાય ! શ્રી. જયકરસાહેબની ધીર ગંભીર વાણી આડે આટલો અંતરાય સહન કરી લેવા આપ સૌને અરજ ગુજારૂં છું.

સર સર્વપલ્લી રાધાકૃષ્ણને ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગનું તા. ૨-૧૦-૪૦ ના દિવસે પ્રવચનમંગલ કર્યું તે અવસરે કૈ. વા. આચાર્ય શ્રી. આનંદશંકરભાઇ વતી જે નિવેદન રજૂ કરવામાં આવ્યું હતું તેનું જ થોડુંક પુનરાવર્તન સ્મૃતિના અનુસંધાન માટે કરૂં તો તે બીનજરૂરી નહિ લેખાય !

આ સોસાયટીની સ્થાપના ઇ. સ. ૧૮૪૮માં ડિસેમ્બરની ૨૬ મી તારીખે મંગળવારના દિને મિ. અલેકઝાન્ડર કિન્લોક ફૉર્બસના હાથે થઇ હતી. ઓગણીસમી સદીની પહેલી અને બીજી પચીસી આખા હિંદુસ્તાનમાં અને ગુજરાતમાં કેવી હતી તે આપના જેવા ઇતિહાસજ્ઞોને કહેવાની જરૂર નથી. હકુમતોની ઊથલપાથલનો આ સમય હતો ! અને એવા સમયને આનુષંગિક એવી કંઇક અરાજકતા અને અવ્યવસ્થા સર્વત્ર હતી. આ અરાજકતામાંથી બ્રિટિશ રાજ્યવ્યવસ્થા જન્મતી હતી. તે કાળે આ સંસ્થાનું બીજ રોપાયું.

આ સમયે વિદ્યાના વિષયમાં સર્વત્ર અંધકાર હતો એમ તો નહિ કહેવાય, કારણ કે આ દેશના ઇતિહાસમાં એવો અંધકારનો યુગ તો ક્યારે

પણ હોય એમ મને નથી લાગતું ! વિદ્યા

ઉપાસનાનો પ્રવાહ રાજકીય ઝંઝાવાતોમાં પણ

છે તફાવત ફક્ત એટલો કે કોઈ કાળે તેમાં વર્ષાના

શરદની પ્રસન્નતા હોય, તો કોઈ કાળે તેમાં ગ્રીષ્મની ક્ષીણતા ... પ્રમાણે એ સંધિકાળમાં પણ સંસ્કૃત અને ફારસી વિદ્યાઓ અને હિંદુ-ઇસ્લામી સંસ્કૃતિઓના મિશ્રણથી ઘડાયેલી સંગીતસ્થાપત્યાદિ કલાઓનો ઠીકઠીક પ્રચાર હતો; પણ એ યુગમાં પશ્ચિમમાંથી એક નવી સંસ્કૃતિનો પ્રવાહ આવતો હતો. નવી રાજકીય સ્થિતિનો વાયુ સમાજના થરમાં અપૂર્વ પરિવર્તન કરતો હતો, રાજ્યવ્યવહારની ભાષા ફારસી અને ઉર્દૂ હતી તેનું સ્થાન અંગ્રેજી લેતી જતી હતી; અને અંગ્રેજી ભાષાનું દ્વાર ઊઘડતાં પશ્ચિમની સંસ્કૃતિનો ઓગણીસમી સદીનો પ્રવાહ આ દેશમાં પ્રવર્તતો જતો હતો આ પ્રવાહમાં નવીન આકર્ષણ હતું,–ખાસ કરીને વૈજ્ઞાનિક બુદ્ધિનું, પ્રજાસત્તાક રાજ્યવ્યવસ્થાનું અને પ્રાચીન ભાષાઓની અપેક્ષાએ લોકવ્યવહારની ભાષાના મહત્ત્વનું ટૂંકામાં આ બુદ્ધિના પ્રકાશને અવકાશ આપવાની આવશ્યકતા સમજાઈ ગઈ હતી; અને એ માટે ગુજરાતી ભાષાને ખીલવી પશ્ચિમની વિદ્યાઓને તેમાં ઉતારવાની, તેના સાહિત્યપ્રકારોને સ્વકીય કરવાની, વૈજ્ઞાનિક પદ્ધતિએ સંશોધન કરવાની અને એ રીતે ગુજરાતી ભાષાને વિદ્યાસમૃદ્ધ કરવાની જરૂરિયાત દેશહિતચિંતકોને લાગતી હતી. આવા યુગકાલમાં આ સંસ્થાનો રોપ ઊગ્યો. કવિ દલપતરામે તે પ્રસંગનો ઉલ્લેખ કરતાં કહ્યું છે તેમ "અધિક વધારનારી વિદ્યાના અભ્યાસની" એવી આ સોસાયટીની સ્થાપના થઇ !

સોસાયટીએ પોતાની છન્નૂ વર્ષની કારકીર્દીમાં આ વિદ્યાના અભ્યાસને વધારવાનો સતત અને બહુવિધ પ્રયત્ન કર્યો છે ! "ગુજરાતી ભાષાસાહિત્યનો ઉત્કર્ષ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી"–એવો વ્યાપક ઉદ્દેશ સ્થાપના સમયે જાહેર થયો હતો; એ ઉદ્દેશને અમલમાં મૂકવા તત્કાલ આઠ પ્રકારનો કાર્યક્રમ પણ નક્કી થયો હતો.

(૧) વર્તમાનપત્રનું પ્રકાશન, (૨) લાયબ્રેરીની સ્થાપના,
(૩) ગુજરાતી કોશ માટે શબ્દસંગ્રહ, (૪) હાથપ્રતોનો સંગ્રહ,
(૫) છોકરા–છોકરીઓની એકત્ર શાળાની સ્થાપના,
(૬) શાળોપયોગી પુસ્તકોનું પ્રકાશન,
(૭) નવાં પુસ્તકો રચાવવાની યોજના, અને
(૮) વિદ્યાર્થીઓને ઉત્તેજન.

સોસાયટીના વિદ્યાવિસ્તારના ઉદ્દેશને પાર પાડવા કેવા કાર્યક્રમ અમલમાં મુકાયા છે તેનો ઇતિહાસ આ સોસાયટીના સદ્‌ગત મંત્રી ભાઈશ્રી હીરાલાલ પારેખે લખ્યો છે, જેમનું આ સમયે સ્મરણ થઈ આવે છે. એમનો જ અભિલાષ આજના પ્રસંગે પૂરો થાય છે એટલું એક આશ્વાસન છે।

સોસાયટીએ સને ૧૮૪૯ની સાલમા "વતમાન" નામનું અઠવાડિયું પત્ર પ્રકટ કરવા માંડયું. આ "વર્તમાને" તેના બીજી જૂલાઇ ૧૮૫૧ના અંકમાં જેલના વહીવટ વિશે કઈક લખ્યુ, જે તે કાળની કમિટીના એક યુરોપિયન સભ્યને આક્ષેપાત્મક લાગ્યુ; પણ એ નોંધવુ જોઇએ કે કમિટીના બીજા યુરોપિયન સભ્યોએ તે લખાણને પત્રકારની etiquette–પ્રમાણેનું ગણ્યું. મતભેદના પરિણામે સોસાયટીએ એ પત્રનુ પ્રકાશન બંધ કયુ; પણ અલગ રીતે એ પત્ર સન ૧૮૬૪ સુધી ચાલુ રહ્યું હતું.

હિંદી વર્તમાનપત્રોના ઇતિહાસમા આ નોંધવા જેવો બનાવ છે.

પ્હેલી લાયબ્રેરીની સ્થાપના પણ સને ૧૮૪૯મા થઈ. ૧૮૫૫માં ચોવીસમી ડિસેમ્બરે લાયબ્રેરીના મકાનનુ ખાતમુહૂર્ત તે વખતના ગવર્નર લૉર્ડ એલ્ફિન્સ્ટનના હાથે થયુ સને ૧૮૫૭ના નવમ્બરની ચાંદમી તારીખે "આ નવી થયેલી પુસ્તકશાળા" ઉઘાડવામા આવી. નગરશેઠ હિમાભાઇનો સખાવતથી તે મકાન બધાયુ હતું. તેનુ નામ "હિમાભાઈ ઇન્સ્ટટયૂટ" રાખવામાં આવ્યું. તેમા એક "સગ્રહસ્થાન" કરવાની યોજના પણ વિચારાઈ હતી.

સોસાયટી સ્થપાઇ એ અરસામા 'બુદ્ધિપ્રકાશ"નામનુ એક મડળ અસ્તિત્વમાં આવ્યું હતુ. આ મડળે "બુદ્ધિપ્રકાશ" નામનું ચોપાનિયુ સન ૧૮૫૦માં કાઢયુ હતું, પણ તે થોડા વખતમા બધ થયુ હતુ ઇંગ્લિશ સ્કૂલના હેડમાસ્તર રા. સા. ભોગીલાલભાઇની પ્રરણાથી એક 'વિદ્યાભ્યાસક મડળ" નીકળ્યું. આ મંડળે બધ પડેલું "બુદ્ધિપ્રકાશ" ચાલુ કર્યું અને તેનો પહેલો અંક સન ૧૮૫૪ ના માર્ચમા પ્રકટ થયો. પ્રારંભમા આ માસિક ચલાવવામાં સોસાયટી મદદ કરતી હતી, પણ પછીથી તો સોસાયટીને જ એનું તંત્ર ઉપાડી લેવાની ફરજ પડી; અને તેના પ્રથમ સંપાદક સોસાયટીના તે વખતના સહાયક મંત્રી શ્રી હરિલાલ મોહનલાલ થયા. સન ૧૮૫૫ના જુલાઇના અંકથી કવિ દલપતરામ તેના તત્રી થયા.

"બુદ્ધિપ્રકાશ" પ્રથમ પખવાડિયુ પત્ર હતું; પછીથી તે માસિક થયું; પણ સને ૧૯૩૨મા ઉચ્ચ કક્ષાના લેખાને અવકાશ આપે એવા ત્રૈમાસિકના રૂપમાં "બુદ્ધિપ્રકાશ"ને પરિવર્તિત કરવામાં આવ્યું. ગુ. વ. સો. ની

કારોબારી સમિતિએ તા. ૧૪–૯–૪૭ ના રોજ બુદ્ધિપ્રકાશને લોકશિક્ષણનું સાધન બનાવવાની દૃષ્ટિથી ફરીથી માસિક કરવાનો ઠરાવ કર્યો; અને સંશોધન માટે અલગ પત્રની યોજના વિચારી.

બુદ્ધિપ્રકાશને માસિક કરવાની કાયદેસરની નોંધણી થઇ ગઈ છે, પણ પ્રકાશન અને કાગળ અંગેના ઓર્ડિનન્સની રૂએ બુ. પ્ર. ને માસિક તરીકે પ્રકટ કરવાની પરવાનગી મળી નથી; તેથી "બુદ્ધિપ્રકાશ" જો કે ત્રણ ત્રણ મહિને પ્રકટ કરવામાં આવે છે છતાં લોકશિક્ષણના નવા લક્ષ્ય પ્રમાણે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે; અને કાગળની છૂટ થતાં સંશોધન પત્રને પ્રકટ કરી શકાય એવી તૈયારીઓ રાખવાની કોશીશ ચાલે છે. બુદ્ધિપ્રકાશનું હાલ ૯૨ મું વર્ષ ચાલે છે.

વિવિધ વિષયના ગ્રંથો રચાવી પ્રકટ કરવાની પ્રવૃત્તિ પણ પ્રારંભનાં વર્ષોથી જ કરવામાં આવી હતી. શરૂઆતમાં ભાષાંતરો કરાવવાની વિશેષ પ્રવૃત્તિ હશે; પણ સભ્યોને જાણે કે ચેતવણી આપવા માગતા હોય તેમ ફોર્બસ સાહેબે પ્રારંભનાં વર્ષોમાં જણાવેલું છે કે "સોસાયટીનું કામ માત્ર ભાષાંતરો કરાવવાં એ છે એવી સમજણ કેટલાક વખત ઉપર ઉત્પન્ન થઇ છે, એ યથાર્થ નથી. ગુજરાતી સાહિત્યની ખીલવણી એ જ સોસાયટીનો ઉદ્દેશ આપણે ઠરાવ્યો છે." આ ઉદ્દેશને ધ્યાનમાં રાખી સોસાયટીએ આજ સુધીમાં ૫૦૬ ગ્રંથો પ્રકટ કર્યા છે. એમાં સાહિત્ય, ભાષાશાસ્ત્ર, કોશ, ઇતિહાસ, વિજ્ઞાન, સામાજિક સુધારો, ધર્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃત તેમ જ અંગ્રેજી શિષ્ટગ્રંથોનાં ભાષાંતર વગેરે વિષયોનો સમાવેશ થાય છે. આ ઉપરથી આપ જોશો કે સોસાયટીએ વિદ્યાની અનેક શાખાઓને ગુજરાતી ભાષામાં ઉતારવા પ્રયત્ન કર્યો છે.

વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા તથા વિવિધ વિષયોના ગ્રંથો રચાવવા ટ્રસ્ટ ફન્ડો સ્વીકારવાની નીતિ પણ આ સંસ્થાએ શરૂઆતથી સ્વીકારેલી છે. છાત્રવૃત્તિઓ અને પારિતોષિકોને લગતાં ટ્રસ્ટફન્ડો મોટે ભાગે કામી છે. તેનો લાભ પ્રાથમિક શાળાથી માંડી કૉલેજ સુધીનું શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને મળે છે.

ગુજરાતમાં શિક્ષણનો વિસ્તાર કરવાની પ્રવૃત્તિ પણ સોસાયટીએ પ્રારંભથી જ કરી છે. સન ૧૮૪૯ની સાલમાં સોસાયટીએ કરુણાશંકર દયાશંકર નામના મહેતાજીની છોકરાં–છોકરીઓની મિશ્રશાળાનો વહીવટ પોતાના હાથમાં લીધો હતો. સને ૧૮૫૮માં શેઠાણી હરકુંવરબાઈની સખાવતથી ટંકશાળમાં કન્યા-

શાળાનું જુદું મકાન થયું અને એની સાથે શેઠાણી હરકુંવરબાઈનું નામ જોડવામાં આવ્યું. આ પછી બીજી બે કન્યાશાળાઓ–રા બ. રણછોડલાલ છોટાલાલ ખાડિયા કન્યાશાળા અને સૌ. દિવાળીબાઈ કન્યાશાળા–નો વહીવટ સોસાયટી કરે છે.

સોસાયટીએ સને ૧૯૩૩માં અમદાવાદમાં એક આર્ટ્સ કોલેજ ઉઘાડવાનો વિચાર કર્યો હતો; અને ગુજરાતમાં સ્વતંત્ર યુનિવર્સિટી સ્થાપવાનો વિચાર કરવા સમિતિ નીમી હતી. તેમ જ સંયોગો ઉત્પન્ન થતાં આર. સી. હાઇસ્કૂલનો વહીવટ ચલાવવાનો તા. ૧૦–૪–૧૯૩૪ના દિને ઠરાવ કર્યો હતો.

આ રીતે આપ જોશો કે કવિ દલપતરામે કહેલો વિદ્યા વધારવાનો ઉદ્દેશ પાર પાડવા સોસાયટી પુસ્તકાલય નિભાવે છે, "બુદ્ધિપ્રકાશ" ચલાવે છે, વિવિધ વિષયોને લગતાં ગુજરાતી પુસ્તકો રચાવી પ્રકટ કરે છે, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ તથા પારિતોષિકો આપે છે અને શિક્ષણની સંસ્થાઓ ચલાવે છે.

આ સંસ્થાની એક નીતિ એવી ચાલતી આવી છે કે ગુજરાતના વિદ્યાવિકાસ અને વિદ્યાવિસ્તારમાં જે સમયે જેની જરૂર તેને સમજાય તેમાં પહેલ કરવી; અને એ રીતે ગુજરાતીમાં પ્રથમ ચોપાનિયું પ્રકટ કર્યું, સ્ત્રીકેળવણીનું કાર્ય પ્રથમ હાથ ધર્યું, સાહિત્યપ્રકાશન કર્યું, ઇત્યાદિ. તે તે કામ લોકોમાં રૂઢ થતાં અને બીજાઓએ તે કામ ઉપાડી લેતાં સોસાયટી બીજી પ્રવૃત્તિઓ તરફ દૃષ્ટિ કરે છે.

ગુજરાતી વાઙ્મયનો ઉત્કર્ષ કરવો હોય તો તેમાં ઉચ્ચ અભ્યાસ અને સંશોધન થવાં જોઈએ એ તત્ત્વ સોસાયટીના સંચાલકોના ધ્યાનમાં કેટલાંક વર્ષોથી આવ્યું હતું. પણ જ્યાંસુધી ગુજરાતમાં આવું ઉચ્ચ અભ્યાસ અને સંશોધનનું કાર્ય થાય નહિ અને તેનાં પરિણામો ગુજરાતી ભાષાદ્વારા પ્રકટ થાય નહિ ત્યાંસુધી ગુજરાતી ભાષાની શક્તિ વધે નહિ અને વાઙ્મયનો ખરો ઉત્કર્ષ થાય નહિ. તેથી એની સિદ્ધિને માટે ગુજરાતી ભાષાદ્વારા ઉચ્ચ અભ્યાસ અને સંશોધનને ખીલવવા ગુજરાત વર્નાક્યુલર સોસાયટી કેટલાક સમયથી પ્રવૃત્તિ કરવા ધારતી હતી. તેને અંગે કેટલાક વિદ્વાનોને ગ્રંથો લખવાનું કામ પણ સોસાયટીએ સોંપ્યું હતું. આ અરસામાં મુંબઈ સરકારના નાણાંખાતાના પ્રધાન નામ. લઠ્ઠે સાહેબે તેમના તા. ૨૫–૨–૧૯૩૮ ના અંદાજપત્રના નિવેદનમાં "અમદાવાદનું સ્થાન જે વિષયોના ઉચ્ચતમ અભ્યાસ માટે વધારેમાં વધારે યોગ્ય હોય તેનો પ્રારંભ

કરવા ગુજરાતી ભાષામાં સંશોધન અર્થે" રૂ. ૧૨૦૦૦ આવર્તક (recurrent) અને રૂ. ૮૦૦૦ અનાવર્તક (non-recurrent) દેણગી (grant)ની જોગવાઈ કરવાનું જણાવ્યું. આના આધારે સોસાયટીએ તે દેણગી પોતાને મળે તે માટે તા. ૨૮–૨–૧૯૩૮ને દિને વિનંતી કરી. લાંબા પત્રવ્યવહારના પરિણામે ૧૯૩૯ના માર્ચની આખરમાં સોસાયટીને એ દેણગી મળી; અને કારોબારી સમિતિએ તા. ૨૪–૩–૧૯૩૯ના ઠરાવથી નીચેની ઉપસમિતિ "ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ" સ્થાપવા અંગે ઘટતું કરવા નીમી :

(૧) ડૉ. આચાર્યશ્રી આનંદશંકર બા. ધ્રુવ
(૨) નામ. ગણેશ વાસુદેવ માવલંકર
(૩) લેડી વિદ્યાબ્હેન ર. નીલકંઠ

કારોબારી સમિતિએ તા. ૧૨–૪'–૩૯ ના રોજ ઉચ્ચઅભ્યાસ અને સંશોધન વિભાગ સ્થાપવાનો ઠરાવ કર્યો; અને ઉપર જણાવેલી સમિતિને ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગની કાર્યવાહક ઉપસમિતિ બનાવી અને આ સોસાયટીના આજીવન સભ્ય દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને તે સમિતિના સલાહકાર નીમ્યા.

સોસાયટીના અનુસ્નાતક (Postgraduate) અધ્યાપન કાર્ય માટે મુંબઈ યુનિવર્સિટીની માન્યતા (recognition) મેળવવી એવી સરકારની દેણગી આપવામાં શરત હોવાથી તા. ૭–૭–૧૯૩૮ના રોજ સોસાયટીએ મુંબઈ યુનિવર્સિટીના રજિસ્ટ્રારને ગુજરાતી, સંસ્કૃત તથા ભારતીય પ્રાચીન સંસ્કૃતિ, અને અર્થશાસ્ત્રના વિષયોમાં અનુસ્નાતક અધ્યાપન માટે પોતાને યોગ્ય સંસ્થા તરીકે માન્ય કરવા પત્ર લખ્યો. લાંબા પત્રવ્યવહાર પછી યુનિવર્સિટીએ તા. ૨૫–૧–૪૦ના પત્રથી સોસાયટીને સંસ્કૃતમાં, ભારતીય પ્રાચીન સંસ્કૃતિમાં અને ગુજરાતીમાં અનુસ્નાતક અધ્યાપન માટે માન્યતા આપી.

આ નવી પ્રવૃત્તિનું એ સદ્ભાગ્ય હતું કે પ્રારંભમાં જ તેને આચાર્ય શ્રી. આનંદશંકર ધ્રુવ જેવા સમર્થ વિદ્વાન્, સૂક્ષ્મ વિચારક, અને ઉત્કૃષ્ટ કેળવણીકારની દોરવણી મળી. તેઓશ્રી આ વિભાગના તેમના અવસાન સુધી કુલપતિ હતા. બનારસ હિન્દુ યુનિવર્સિટિના પ્રો. વાઇસચાન્સેલર અને પ્રિન્સિપાલ તરીકેના તેમના વર્ષોના અનુભવપરિપાકનો લાભ આ સંસ્થાને ચાર વર્ષ મળ્યો. તેમની સૂચના મુજબ કાર્યકરોની પસંદગી તથા શિક્ષણ અને સંશોધનની વ્યવસ્થા કરવામાં આવી. તેમનું માર્ગદર્શન વધારે વખત મળ્યું હોત તો આ સંસ્થાને ઘણો મ્હોટો લાભ થાત એ નિઃશંક છે.

તેમની ખોટ આ તકે ખરેખરી સાલે છે. છતાં તેમની ભાવના અનુસાર વિદ્યાવિકાસ અને વિદ્યાવિસ્તારનું લક્ષ્ય સિદ્ધ કરવામાં તેમના તરફ સાચી કૃતજ્ઞતા રહેલી છે એમ સમજી આ સંસ્થા તેમણે બતાવેલા માર્ગે અને દિશાએ પ્રગતિ કરવા પ્રયત્નશીલ છે.

ગુ. વ. સો. તરફથી આચાર્યશ્રી. આનંદશંકરભાઈ એ જે સંશોધનની યોજના તૈયાર કરી હતી અને જેને મુંબઇ સરકારે તા. ૧૭–૩–'૩૯ ના રોજ ઠરાવ નં. ૬૫૮૯ થી મંજૂર કરી હતી તે આ પ્રમાણે છેઃ

૧. ભાષા અને સાહિત્ય (Language & Literature)

૧. ગુજરાતી ભાષાનો ઇતિહાસ, એનો ઊગમ અને ક્રમિક કક્ષાઓમાં વિકાસ

૨. ગુજરાતી છંદઃશાસ્ત્રનો અભ્યયનાત્મક નિબંધ

૩. જૂની ગુજરાતીના શિષ્ટ ગ્રંથોનું સંપાદન, સોસાયટીની અને બીજી હાથપ્રતો ઉપરથી

૨. ઈતિહાસ (History)

૧. ઇતિહાસ–સાધન ગ્રંથો

૨. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ

૩. સમાજશાસ્ત્ર (Sociology)

૧. ગુજરાતની ભિન્ન ભિન્ન જાતિઓ ઉપર નિબંધો.

મુંબઇ યુનિવરસિટિની પરવાનગી ઉપર જણાવ્યું તેમ ૨૫–૧–'૪૦ ના રોજ આવી, પણ એની અપેક્ષાએ ૩૧ જુલાઇ ૧૯૩૯થી એમ. એ. ના વિદ્યાર્થીઓને ગુજરાતી અને સંસ્કૃતનું શિક્ષણ આપવાનું કામ શરૂ કર્યું હતું. આ વર્ષના વિદ્યાર્થીઓ ગુજરાત કૉલેજ તથા શેઠ લાલભાઈ દલપતભાઇ આટર્સ કૉલેજના હતા. ૧૯૪૦ની જુનથી આ સંસ્થાએ ગુજરાતી, સંસ્કૃત અને ભારતીય પ્રાચીન સંસ્કૃતિના વિષયોમાં વિદ્યાર્થીઓ લેવા શરૂ કર્યા.

ગુજરાતના ઇતિહાસ, સાહિત્ય અને સંસ્કૃતિના ઘડતરમાં મુસ્લિમ કાળમાં જે ફાળો આવ્યો તેના અભ્યાસ તથા સંશોધનને માટે તેમજ સ્વતંત્ર રીતે ઉર્દૂ, ફારસી અને અરબી ભાષાઓ અને સાહિત્યોના શિક્ષણ માટે પણ આ સંસ્થામાં ખાસ વિભાગ રાખવામાં આવ્યો છે; અને તે માટે મૌલાના સૈયદ અબુઝફર નદ્વીની નીમણૂંક કરવામાં આવી છે.

આ પાંચ વર્ષ દરમિયાન આ સંસ્થાએ જે કામ કર્યું અને જે કામ ચાલે છે તેનો અહેવાલ દર વર્ષે અલગ પ્રકટ થાય છે; તેને સ્હેજ ટુંકાવીને દર વર્ષે સોસાયટીના અહેવાલમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે; એટલે તેની વિગતોમાં ન ઉતરતાં ટુંકામાં મુખ્ય બાબતો જણાવું છું. તેમાં

પ્રથમ અનુસ્નાતક શિક્ષણ લઉં છું. પ્હેલાં જણાવ્યું તેમ ૧૯૩૯-૪૦ની સાલમાં યુનિ. ની પરવાનગી મોડી આવવાથી સંસ્થાએ પોતે વિદ્યાર્થીઓ ન લેતાં સ્થાનિક કોલેજોના વિદ્યાર્થીઓ સાથે જ કામ કર્યું હતું. બીજાઓ જેને રસ હોય તે તેનો લાભ લઇ શકે તે માટે તેની જાહેરાત કરવામાં આવી હતી. ૪૦-'૪૧ થી '૪૪-૪૫ સુધીમાં જુદા જુદા વિષયોમાં વર્ષાન્તના હિસાબે વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૪ ની થાય છે.

આ સંસ્થા તરફથી '૪૪ સુધીમાં એમ. એ. ની પરીક્ષા માટે ૨૮ ઉમેદવારો મોકલવામાં આવ્યા છે; અને તે બધાજ ફત્તેહમંદ થયા છે. તેમાં ૧૯ ગુજરાતી લઇને, ૪ સંસ્કૃત લઇને અને ૫ ભારતીય પ્રાચીન સંસ્કૃતિ લઇને એમ. એ. થયા છે. તેમાં ૩ પ્હેલા વર્ગમાં, ૧૧ બીજા વર્ગમાં અને ૧૪ પાસવર્ગમાં આવ્યા છે.

અહીં એ ખાસ નોંધવા જેવું છે કે આપણા એક વિદ્યાર્થી શ્રી. દેવાણી જે મુસ્લિમ છે તેમણે ગઇ સાલની પરીક્ષામાં સંસ્કૃતના ઉમેદવારોમાં પ્હેલે નંબરે આવી, મુંબઈ યુનિવરસિટિની ભગવાનદાસ પુરુષોત્તમદાસ સંસ્કૃત સ્કોલરશીપ મેળવી છે. શ્રી. દેવાણીને આ વિભાગમાં ફેલો નીમવામાં આવ્યા છે; તેમણે સંશોધનવિભાગમાં પી.એચડીના થિસિસ અંગે કામ કરવા નામ નોંધાવ્યું છે.

આ ઉપરાંત ૪૦-૪૧ ની સાલમાં શ્રી. વી. પી. શેખ જેઓ બીજી સંસ્થાના વિદ્યાર્થી હતા તેમણે પોતાની એમ. એ. ની પરીક્ષા માટે આ સંસ્થામાં મૌલાના નદ્વીના હાથ નીચે કામ કર્યું હતું; તેઓ ફારસી-ઉર્દુ લઇને '૪૧ માં ઉત્તીર્ણ થયા.

આ વર્ષો દરમિયાન બીજી સંસ્થાઓમાં નોંધાયેલા છતાં આપણા સંશોધન વિભાગમાં કામ કરવા પી.એચ. ડી ના ૭ વિદ્યાર્થીઓ નોધાયેલા છે. તેમના નામ તથા વિષયો આ પ્રમાણેઃ શ્રી. નવરે એમ. એ. અથર્વવેદ અને ઉપનિષદોમાં બ્રહ્મતત્ત્વ નિરૂપણ; શ્રી. પુરુષોતમ શાહ એમ. એ. એલ. એલ. બી. હિન્દુ લગ્ન સંસ્થાનો વિકાસ, શ્રી. રણછોડ ભટ્ટ એમ. એ. એલ.એલ.બી. ભક્તિની ભાવનાનો વિકાસ; શ્રી. છોટુભાઇ નાયક એમ. એ. બી. ટી. અબ્દુરરહીમ ખાનખાનાન અને તેનું સાહિત્યક મંડળ; શ્રી હરિપ્રસાદશાસ્ત્રી એમ. એ. 'વલભી સમયના સંસ્કૃત ઉત્કીર્ણ લેખોમાંથી સાંસ્કૃતિક માહિની; શ્રી. દેવાણી-નાટ્યશાસ્ત્ર અને કામશાસ્ત્રમાંથી સાંસ્કૃતિક સામગ્રી. ઉપરાંત ગઇ સાલ શ્રી. મહાવીરસિંહ ગેહલોત. એમ. એ. પણ બનારસ

હિન્દુ યુનિ. ની પીએચડી ડિગ્રી માટે 'અષ્ટ છાપ–વ્રજભાષાના કવિઓ' ઉપર નિબંધ તૈયાર કરવા આ સંસ્થામાં નોંધાયા છે. આમાંથી શ્રી. છોટુભાઈ નાયકે પી.એચડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે અને હાલ તે કોલ્હાપુરમાં રાજારામ કોલેજમાં ફારસીના અધ્યાપક તરીકે કામ કરે છે. શ્રી. નવરે તથા શ્રી. ભટ્ટ હાલમાં આ સંસ્થામાં કામ કરતા નથી. શ્રી. શાહ તથા શ્રી. શાસ્ત્રીના નિબંધો લગભગ પૂરા થવા આવ્યા છે.

આ ઉપરાંત શ્રી. ભગવાનલાલ માંકડ એમ. એ. એ પણ આ સંસ્થામાં સંશોધક તરીકે નામ નોંધાવેલું છે. મુંબઇ યુનિવરસિટિ માટે તેઓ 'કાઠિયાવાડના મિયાણાની સામાજિક સ્થિતિનો અભ્યાસ' એ વિષયનો નિબંધ લખતા હતા; આપણી સંસ્થા માટે તેમણે 'ઝાલાવાડના મુમના' એ વિષે નિબંધ લખી આપ્યો છે. શ્રી. હીરાલાલ ઠક્કર જેઓ આ સંસ્થામાંથી ભારતીય પ્રાચીન સંસ્કૃતિમાં એમ. એ. થયા પછી બરોડા કોલેજ દ્વારા ફિલ્સુફીમાં એમ. એ. થયા છે તેઓ પણ સંશોધક તરીકે જોડાયેલા છે; અને શંકર તથા કાન્ટના ઉપર તુલનાત્મક નિબંધ તૈયાર કરે છે.

સંશોધન કાર્યની જે યોજના ૩૯-'૪૦ ની સાલમાં સરકારે મંજૂર રાખેલી તે અન્વયે જે કામ થયું છે અને થાય છે તેની વિગતવાર માહિતી તે તે વર્ષોનાં અહેવાલોમાંથી મળશે. અત્યારસુધીમાં જૂદા જૂદા વિષયો ઉપર લગભગ અઠ્ઠાવીશ ગ્રંથો તૈયાર કરવા સોંપાયેલા છે; તેમાં દશ ગ્રંથો પ્રગટ થઇ ચુકયા છે; બીજા છપાય છે અને તૈયાર થાય છે.

આ સંસ્થા તરફથી આચાર્યશ્રી આનંદશંકરભાઇએ સંશોધનમાં આગળ વધાય એ દૃષ્ટિથી યુનિવરસિટિઓના આગળ પડતા અધ્યાપકો તથા તેવા જ બીજા વિદ્વાનોને નિમંત્રણ આપી અહીં બોલાવી તેમની પાસે વ્યાખ્યાનો અપાવવાની યોજના કરી છે. તદનુસાર ડૉ. સુનીતિકુમાર ચેટર્જી, ડૉ. હીરાનંદ શાસ્ત્રી, ડૉ. અલી, પ્રો. ધર્માનંદ કોસંબી તથા ઓ.સી. ગાંગુલિએ આ સંસ્થાના આશ્રય નીચે વ્યાખ્યાનો આપ્યા છે. ડૉ. ચેટરજીના વ્યાખ્યાનો Indo-Aryan and Hindi એ નામે, ડૉ. શાસ્ત્રીના Archaeology and Ancient Indian History નામે અને કોસંબીજીના 'અભિધર્મ' નામે છપાયા છે. ગાંગુલી મહાશયના ચિત્રકલા ઉપરના ભાષણો છપાવવા માટે તૈયાર છે પણ કાગળના અભાવે છાપી શકાતા નથી.

આ ઉપરાંત વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાલા પણ યોજવામાં આવી છે. તેમાં શ્રી. સુન્દરમ, શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ, પ્રો. ડોલરરાય માંકડ, શ્રી. રતિલાલ ત્રિવેદી, પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રો. બળવંતરાય ઠાકોર, અને શ્રી

ઝવેરચંદ મેઘાણીનાં વ્યાખ્યાનો પ્રકટ થઇ ચુક્યાં છે; બીજાં છપાઇ શક્યાં નથી. ગઇ સાલમાં પ્રો. ડૉ. મોદીએ બાદરાયણના બ્રહ્મસૂત્રો ઉપર તથા આ સાલ ભગવદ્ગીતા ઉપર વ્યાખ્યાનો આપ્યાં છે. આ સાલ પ્રો. ડૉ. દવેએ 'ગુજરાતી વ્યાકરણ' ઉપર વ્યાખ્યાનો આપ્યાં છે. આ ઉપરાંત બીજા વિદ્વાનોનાં પણ વ્યાખ્યાનો થયાં છે.

અહીંની શિક્ષણપદ્ધતિ વિષે ટુંકામાં નિર્દેશ કરું. આચાર્યશ્રી આનંદશંકરભાઇએ બતાવેલા માર્ગે સંસ્કૃત અને ગુજરાતીના શિક્ષણમાં અધ્યાપકો અને પંડિતોના અધ્યાપન કાર્યનું સંયોજન કરવામાં આવ્યું છે. આ પદ્ધતિથી મૂલ ગ્રંથોનો અર્થ બરાબર જાણવાનું તથા આધુનિક વિવેચનાએ રજૂ કરેલા પ્રશ્નો સમજવાનું વિદ્યાર્થીઓને સુલભ થાય છે. ઉપરાંત ગુજરાતીના વિષયમાં, અરબી–ફારસી–ઉર્દૂના ગુજરાતી ભાષા અને સાહિત્ય ઉપર થયેલી અસરના અભ્યાસના અભાવને લીધે જે ત્રુટિ રહી છે તે દૂર કરવાનો પ્રયત્ન, તે વિશે ભાષણો યોજીને કરવામાં આવે છે.

ભારતીય પ્રાચીન સંસ્કૃતિના વિષયમાં જુદાં જુદાં અંગોના પરસ્પર સંબંધ ઉપર ભાર મૂકી, વિદ્યાર્થીઓનું ધ્યાન સંસ્કૃતિના અભ્યાસના પ્રશ્ન પરત્વે દોરવામાં આવે છે.

આ ઉપરાંત સેમિનારની પદ્ધતિએ વિદ્યાભ્યાસકમંડળ પણ યોજવામાં આવ્યું છે. પોતપોતાના અભ્યાસના વિષયને લગતો કોઇ મુદ્દો પસંદ કરી તે ઉપર નિબંધ કે વ્યાખ્યાન તૈયાર કરવા વિદ્યાર્થીઓને સૂચવવામાં આવે છે. વિદ્યાભ્યાસક મંડળમાં તે નિબંધો વાંચવામાં આવે છે. અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓ તેના ઉપર વિવિધ દષ્ટિએ છૂટથી ચર્ચા કરે છે. આથી વિદ્યાર્થીઓની અભ્યાસમાં પ્રગતિ સમજવાની તક મળે છે અને તેમને અભ્યાસ તથા નિરૂપણની પદ્ધતિ વિશે સલાહ આપવાની પણ સરળતા થાય છે.

એક રીતે એમ કહી શકાય કે આ સંસ્થામાં ઉચ્ચશિક્ષણની બોધભાષા (medium) તરીકે ગુજરાતીને ખીલવવાનો પ્રયત્ન પણ થાય છે.

પ્રાચીન વસ્તુસંગ્રહ

સોસાયટીએ લગભગ પ્રારંભકાળથી જ હસ્તલિખિત પ્રતોનો સંગ્રહ કરવા માંડયો હતો; જેના પરિણામે સોસાયટી પાસે '૪૪ના જૂન સુધીમાં ૬૯૦૮ હાથપ્રતો નોંધાઇ છે. તે આ પ્રમાણેઃ સંસ્કૃત–૨૬૫૨, ગુજરાતી, હિંદી, વગેરે–૪૧૪૯, ફારસી, અરબી, ઉર્દુ–૧૦૭. હજી થોડાં જૂનાં પોટલાં પડયાં છે, જેમાંથી પ્રતિઓ તારવવાનું કામ ચાલે છે. ઉપરાંત આપારાવ

ભોળાનાથ સારાભાઈના વ્યવસ્થાપકોએ તેમની ફારસી તથા અરબી હસ્તપ્રતો સોસાયટીને સોંપી છે.

આ ઉપરાંત સિક્કાઓ તથા મૂર્તિઓનો પણ સંગ્રહ થયો છે. સિક્કાઓની સંખ્યા '૪૪ના જૂન સુધી ૧૦૩૬ થઈ છે; તેમાં ૧૮૭ ચાંદીના અને ૮૪૯ તાંબાના. મોટે ભાગે આ સિક્કા મુસ્લિમ સમયના છે, થોડાક ક્ષત્રપોના અને બીજાઓના પણ છે.

અંહી બ્રહ્મચારી વાડી સંસ્કૃત પાઠશાલાનો પણ નિર્દેશ કરવો જોઈએ. તેમાં બનારસ ક્વિન્સ કૉલેજની સંસ્કૃતની આચાર્યપર્યંતની ઉચ્ચપરીક્ષાઓ માટે જૂદા જૂદા શાસ્ત્રોનો પ્રાચીન પદ્ધતિએ અભ્યાસ કરાવવામાં આવે છે. ઉપરાંત આ વિભાગના સંસ્કૃત તથા ભારતીય પ્રાચીન સંસ્કૃતિના વિષયમાં પણ તે સહકાર આપે છે. વહીવટની સગવડ ખાતર બ્રહ્મચારી વાડી સમિતિએ તેની વ્યવસ્થા આ સંસ્થાને સોંપી છે.

પરીક્ષાર્થી ન હોય તેવા સંશોધકોને પણ સંસ્થામાં કામ કરવાની, માર્ગસૂચન લેવાની અને સંસ્થાના સાધનોનો ઉપયોગ કરવાની ઈચ્છા હોય તો તેઓ વાર્ષિક રૂ. ૧૦-૦-૦ આપી પોતાનાં નામ નોંધાવી શકે છે.

નીચેના વિષયોમાં સંશોધન કરવાની ખાસ સગવડ છે:

૧ ગુજરાતનો ઈતિહાસ, ૨ ગુજરાતનું શિલ્પ અને સ્થાપત્ય, ૩ અરબી, ફારસી અને ઉર્દૂ-ભાષા અને સાહિત્ય, ૪ પ્રાકૃત અને અપભ્રંશ, ૫ જૂની પશ્ચિમ રાજસ્થાની, ૬ પુરાણ, ૭ જૈનઆગમ, ૮ વલ્લભવેદાંત ૯ ગુજરાતમાંની માનવજાતિ અને ૧૦ ગુજરાતનું લોકસાહિત્ય અને લોકનાટક, ૧૧ સસ્કૃત કાવ્યમીમાંસા, ૧૨ ભારતીય દર્શનો.

આ ઉપરથી આપને જણાયું હશે કે અનુસ્નાતક વિભાગમાં હાલમાં સંસ્કૃત, ભારતીય પ્રાચીન સંસ્કૃતિ અને ગુજરાતી એ ત્રણ વિષયોમાં કામ થાય છે. પણ અમારી ઉમેદ તો બને તેટલા થોડા વખતમાં વિદ્યાની બીજી શાખાઓમાં પણ ઉચ્ચ અભ્યાસ અને સંશોધનની પ્રવૃત્તિ વિસ્તારવાની છે, અને એ રીતે ગુજરાતમાં વિવિધ વિદ્યાઓનાં અધ્યયન-અધ્યાપન અને સંશોધનને ખીલવી તેમાંથી "વિશ્વવિદ્યા" વિકસાવવાની છે.

આ સંસ્થાની હાલ જે પ્રવૃત્તિ ચાલે છે અને તેમાં જે ઉત્તરોત્તર વિકાસ કરવાની ધારણા છે તે માટે સોસાયટીનું મકાન સાંકડું પડતું હતું; તેથી સોસાયટી પ્રેમાભાઇ હોલ ઉપર થોડો મકાન વિસ્તાર કરવા ધારતી હતી. એ અરસામાં શેઠ શ્રી. ભગુભાઈ કેશવલાલ દલાલે હિંદુધર્મ, સંસ્કૃતિ

તથા સંસ્કૃતના અભ્યાસના ઉત્તેજન માટે દાન કરવાની ઇચ્છા દરશાવી. સોસાયટીના ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગમાં સંસ્કૃત તથા હિંદુધર્મ અને સંસ્કૃતિ, શિક્ષણના વિષયો છે એ જોઇ શેઠ શ્રી. ભગુભાઇએ આ બધાને ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગમાં એક મુખ્ય વિષય તરીકે રાખવાની સરતે સોસાયટીને રૂ. પચીશહજારનું મકાન બાંધવા માટે દાન કર્યું છે. તે માટે સોસાયટી તરફથી તથા સર્વે સંસ્કૃત અને સંસ્કૃતિ પ્રેમી તરફથી જાહેર રીતે તેમનો આભાર માનું છું.

હાલના સમયમાં મકાન બાંધવું એ કેટલું મુશ્કેલ છે તે આપ જાણો છો. ધ. વા. ના મકાનો અંગે તેમજ સોસાયટીના મકાનો અંગે શેઠ શ્રી. પુરોત્તમભાઇની હંમેશા અમને મદદ હોય છે; આ ઉપરનું મકાન બાંધવામાં પણ તેમની સલાહ અને મદદ અમને બહુ અગત્યનાં થઇ પડયાં હતાં આ માટે તેમનો સોસાયટી તરફથી જાહેર રીતે આભાર માનું છું. આ કામ માટે રા. સા. માણેકલાલ પટેલે પણ મહેનત ઉઠાવી હતી તે માટે તેમનો પણ આભાર માનું છું.

આ મકાનવિસ્તારની યોજના મૂળને બંધ બેસે એવી સુંદર રીતે મી. બેટલીએ કરી છે; અને બાંધકામ મેસર્સ ગેનન ડંકર્લિએ કર્યું છે. તેઓએ જે કુશળતાથી કામ કર્યું છે તે માટે તેમનો પણ આભાર માનું છું.

શ્રીમાન્ ડૉ. જયકર સાહેબ !–આ ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગના આદ્ય કુલપતિ આચાર્ય શ્રી. આનંદશંકર હતા; તેનું આદિ પ્રવચન-મંગલ ડૉ. સર રાધાકૃષ્ણને કર્યું હતું. અને એ અમારૂં અહોભાગ્ય છે કે આપના જેવા સંસ્કૃત વિદ્યા અને ભારતીય સંસ્કૃતિના ઉપાસક અને ધુરંધર વિદ્વાન વિદ્યા–વિકાસના આ સોપાન ઉપર ચઢતાં અમને ટેકો આપવા પધાર્યા છે. આપે અનેક અગવડો છતાં જે તકલિફ લીધી છે તે માટે અમે આપના ઋણી છીએ. આપના આશીર્વાદથી આ સંસ્થા વિકાસની સોપાન-પરંપરા ઉત્તરોત્તર ચઢયા કરે એવી પ્રાર્થના સાથે હું આપને શ્રી. કેશવ વિદ્યાગૃહનું ઉદ્‌ઘાટન કરવા વિનંતી કરૂં છું.

પ્રકાશક : રસિકલાલ છો. પરીખ. અધ્યક્ષ–ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ભદ્ર, અમદાવાદ
મુદ્રક : મણિલાલ પુ. મિસ્ત્રી બી. એ; આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ

પ્રત ૩૦૦ — કી. ચાર આના — વિ. સં. ૨૦૦૧
તા. ૩–૨–૪૫ — ઈ. સ. ૧૯૪૫